# "કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા ખાતે બંધારણ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયો"

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ–ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી–નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર દ્વારા તા. ૨૦/૦૧/૨૦૨૦ના રોજ 'બંધારણ દિવસની'ની ઉજવણી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં તાપી જિલ્લાના કુલ ૬૬ ખેડૂતો અને અધિકારીશ્રીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં એમ. આર. એસની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.સી.ડી.પંડયા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું તથા કાર્યક્રમના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. શ્રી કૈલાસ નાયક, એડવોકેટ દ્વારા બંધારણના અગત્યના સુધારાઓ અને તેના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડૉ. વી. કે. પાન્ડે, ડેપ્યુટી ડાયરેકટર, ઉદયભાનસિંહજી પ્રાદેશિક સહકારી પ્રબંધ સંસ્થાન, ગાંધીનગર દ્વારા બંધારણનું મહત્વ તથા નાગરિકતા અધિનિયમ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પ્રો. એ. જે. ઢોડિયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા WTO ના સંદર્ભમાં ખેતીના અધિનિયમો તથા WTOની નિતીઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. ડૉ. આલોક શર્મા, લેકચર, ઉદયભાનસિંહજી પ્રાદેશિક સહકારી પ્રબંધ સંસ્થાન તથા શ્રી પૂર્વેશ ચૌધરી, એડવોકેટ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તથા આભાર વિધિ ડૉ. એ. જે. ઢોડિયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા કરવામાં આવી હતી.


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
Celebration of Constitution Day
બંધારણ દિવસની ઉજવણી


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
Celebration of Constitution Day
બંધારણ દિવસની ઉજવણી


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
Celebration of Constitution Day
બંધારણ દિવસની ઉજવણી


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
Celebration of Constitution Day
બંધારણ દિવસની ઉજવણી


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
Celebration of Constitution Day
બંધારણ દિવસની ઉજવણી